સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૭૬ / શુમારો : ૨ — કુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

**નાશિર :** મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૫ / ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૩

# સરખા નથી

હમારી તબીઅત, ફિત્રત અને મિઝાજ એવો બનેલો છે કે, કોઈ પણ વાકેઓ બને, હાદેસો બને, સાનેહો બને, હમારા સાથે મુનાસિબ હોય કે મુખાલિફ હોય, હમેં તેનાથી ખુશ થઈએ કે નારાઝ થઈએ, હમને ફાયદો પહોંચે કે નુકસાન, હમારા નઝર સામે બને કે ગૈરહાઝિરીમાં, હમારા વાસ્તે હોય કે બીજા વાસ્તે, હમને કહેવામાં આવું હોય યા હમેં બેખબર હોઈએ વગૈરહ. **હમેં ફૌરન સરખામણી કરીશું.** હમારૂં ઝહેન બે અલગ-અલગ હાલતને તપાસીને નતીજા પર આવશે કે, કઈ ચીઝ સાઝવાર હતી અને કઈ ચીઝ નાસાઝ હતી. સરખામણી-મુશાબેહત કરવી તે હમારી આદતમાં છે.

આ જ તરહના રવૈયાને કુરઆને કરીમની આયતો પણ અપનાવે છે. તે આયતોના મફહૂમો માઅના નીચે પૈશ કરવામાં આવે છે :

(૧) તકલીફ બગૈર ઘરોંમાં બેસી રહેનાર ઈમાનદારો માંથી અને જાનો માલથી રાહે ખુદામાં **જેહાદ કરનારાઓ** બરાબર ના થાય, સરખા ના કહેવાય. અલ્લાહતઆલાએ માલો જાનથી જેહાદ કરનારાઓને ફાઝિલ બનાવા છે ઘરોમાં બેસી રહેનારાઓ પર.

(૨) તમેં કહી દો, અય રસૂલુલ્લાહ ! **નાપાક અને પાક** એક જેવા નથી. ભલે ને નાપાકની કસરત-વધારેં તાઅદાદ તમને અજબ લાગે, સારૂં લાગે.

(૩) તમેં કહી દો, અય રસૂલુલ્લાહ ! શું નાબીના-અંધો શખ્સ કોઈ વક્ત **દેખતા શખ્સની** બરાબરી કરી શકે ?

(૪) બે ફરીક-ગિરોહમાં અલ્લાહતઆલાએ ઘણી ફિકર-ઈબરત મુકેલી છે. એક ફરીક **આંધલા-બહેરાનો** છે અને બીજો ફરીક દેખતા-સાંભલનારનો છે.

(૫) જે લોગો અલ્લાહતઆલાને આસ્માનો ઝમીનના રબ માને છે અને જે લોગો તેના સિવાય બીજાને વલી બનાવે છે, કોઈ ચીઝ હાસિલ કીધા બગૈર, તો શું જેમ **અંધો અને દેખતો** એક સરખા નથી તેમ અંધારૂં અને નૂર એક જેવું ના થઈ શકે !!

(૬) બે શખ્સો એક જેવા ના થઈ શકે, તે એ કે, જે પોતાના માલિક વાસ્તે કઈ જ ખૈર ના કરતો હોય અને બીજો એ કે, હર વક્ત **ઇન્સાફથી કામ** લેતો હોય અને સીધા રસ્તે ચાલતો હોય.

(૭) **બે દરિયા** મુસ્તવી ના થઈ શકે, એક જેવા ના બની શકે. એકના પાનીનો ઝખીરો થઈ શકે, મીઠું હોવાથી પી શકાય. બીજું એવું કે, ખૂબ ખારૂં અને કડવું. બેવેથી ઝિંદા મચ્છીનો તાઝા ગોશ્ત અને ઝૈવરાત કામમાં લઈ શકાય છે.

(૮) કોઈ વક્ત પણ **જીવતા અને મરેલા** એક જેવા નહીં થઈ શકે. જે તમેં મરેલા જોવ છો તે અકસર જીવતા છે અને જેને તમેં જીવતા દેખાય છે તે અકસર મરેલા છે.

(૯) જે શખ્સો **હક્કનું ઇલ્મ** રાખે છે તેઓ અને જેઓ આ ઈલ્મ નથી રાખતા તેઓ કોઈ વક્ત સરખા નહીં થઈ શકે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**અંબિયાની સીરત પર ચાલનાર શખ્સ, ખુદાનો દોસ્ત હોય છે.**

(પેજ નં. ૧ નું બાકી)

(૧૦) બે શખ્સો એક સરખા નથી કે, જેમાં એક શખ્સ ઘણા ભાગીદારો ને સાથે હોય કે જેઓ **અંદર-અંદર ઝઘડો** કરતા હોય અને બીજો કોઇ એક સાહેબને તાબેઅ હોય, એની જ સરપરસ્તીમાં ખુશ હોય.

(૧૧) જે શખ્સ કાફિરો સામે ફત્હ હાસિલ કરવા લડો અને માલને ખર્ચ કીધો, તે એના કરતા અફઝલ છે, દરજામાં ઊંચો છે કે, જે લડાઇ બાદ ફક્ત **નામનો જ મુજાહિદ** બનો અને પછી માલને ખર્ચ કીધો.

(૧૨) **અસ્હાબુન્નાર અને અસ્હાબુલ જન્નહ** યાઅની જહન્નમીઓ અને જન્નતીઓ એક સરખા નથી. જન્નતીઓ કામિયાબ થાનાર છે.

ઉપર મઝકૂર તમામ આયતોમાં એક સિલસિલો છે, એક ફિકર છે, એક ગહેરી સોચ છે કે, જે અકલવાલાઓને પોતાની અક્લને તૈઝ કરવા પર આમાદહ કરે છે. આ તમામ મિસાલોને હમેં જોઇએ તો તેમાં હક્ક પિન્હા છે, હર દિનની હમારી ગુફ્તગૂમાં આ તરહના કલામ હમેં અદા કરીએ જ છે, જેથી સાંભલનાર સોચી શકે, વિચારી શકે. આ આયતો જેની ઝિક્ર થઇ તે છે, આઁખો, દરિયા, ઈલ્મ, જેહાદ, તહારત-પાકી, જન્નતી-જહન્નમી, એક મૌલા-ઘણા આકાઓ, અંધારૂં-નૂર વગૈરહ. આ જ તર્ઝ-તરીકા પર હમેં સોચીએ અને **દિમાગને વરઝિશ આપીએ તો ઘણી મિસાલો હમારા સામે આવી શકે છે.** આ મિસાલોમાં બે ચીઝો હોય કે, જેમાં એક બરતર હોય અને બીજી કમતર હોય. હમને સોચવાનું હોય કે કઇ ચીઝને હમેં ઈખ્તિયાર કરીએ. અક્લના તરાઝૂમાં મુકીને જે હમારા વાસ્તે છે, તેને ચુની લેવાની હોય અને બીજાને તર્ક કરવાની હોય. ✯

**સરખા નથી .......**

✷ વકફની મસ્જિદમાં નમાઝ પઢનાર અને બીજી જગાઓ પર નમાઝ માં જાનાર.
✷ ખુલૂસની નમાઝ પઢનાર અને દેખાવની નમાઝ પઢનાર.
✷ હકીકત કહેનાર અને ખુશામદ કરનાર.
✷ બયઅતને સિરાતે મુસ્તકીમ સમઝનાર અને બયઅતને બોઝ માનનાર.
✷ પોતે ઈલ્મ પઢનાર અને ઉસ્તાઝ પાસે ઈલ્મ પઢનાર.
✷ બાઅદબ થઈને જમનાર અને બેઅદબ થઈને જમનાર.
✷ તિલાવતે કુરઆનથી ફૈઝ લેનાર અને તિલાવતે કુરઆન બગૈર દિનને ગુઝારનાર.
✷ બૈરો પર નઝરે કરીમાના રાખનાર અને બૈરો સાથે બદકલામી કરનાર.
✷ કબર પર મરહૂમ વાસ્તે મગફેરત ચાહનાર અને કબર પર મસ્ખરી કરનાર.
✷ બચ્ચાંની તાઅલીમો તરબીયતનો એહતેમામ કરનાર અને બચ્ચાંને તરછોડનાર.
✷ ખુદના ઐબ જોઇને સુધરનાર અને બીજાના ઐબ જોઇને ખુશ થાનાર.
✷ વેપારમાં ઈન્સાફ કરનાર અને વેપારમાં ચોરી કરનાર, ધોકેબાઝી કરનાર.
✷ ગરઝપરસ્તીથી દોસ્તી કરનાર અને મોહબ્બતો વફાથી દોસ્તી કરનાર.
✷ કલામની ઈબ્તેદા સલામ સાથે કરનાર અને સલામ બગૈર કલામ કરનાર.
✷ નાનામાં નાની કામિયાબીમાં ખુશ થાનાર અને નાનામાં નાની ખામીથી નારાજ થાનાર.
✷ દાઇની મજલિસે હુસૈની અને ગૈરનો માતમી મજમાઅ.

(બકીયહ પેજ નં. ૬ પર)

**મુમિનનો દોસ્ત એ ખુદાનો દોસ્ત હોય છે.**

## હાદેસાતે વિલાદતે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.)

**૨ રબીઉલ અવ્વલ ૧૧ હિ.**

**જે વક્ત આપ નબી સાહેબ (સ.અ.વ.વ.) આ દુનિયામાં પધારા તો,**

- ✷ શયાતીનની આસ્માનો તરફ જાવાની **બંદિશ** કરી દેવામાં આવી.
- ✷ અરબસ્તાનના બુતખાનાઓમાં જેટલા નાના-મોટા બુતો હતા, તે તમામ **મૂँહના બલ** ઝમીન પર આવી ગયા. બુતખાનાના થાંભલાઓમાં જુંબિશ આવી ગઇ.
- ✷ વિલાદત બા-સઆદતની રાતે **અફલાક પર સિતારાઓ** માંથી રોશની મઝીદ ફેલાવવા લાગી, યહાઁ તક કે, તેનાથી ઝમીન રોશન થઇ ગઇ.
- ✷ તે રાતે **કિસ્રા બાદશાહનો** ઐવાન-મહેલ લરઝવા લાગો અને તેના ૧૦ ઝરોખા તૂટીને ચૂર-ચૂર થઇ ગયા. તેની આલીશાન દીવારમાં દરમિયાની હિસ્સાઓમાં ફાટ પડી ગઇ.
- ✷ આપનો ઈન્તેઝાર કરનાર ઈબાદિલ્લાહિસ સાલેહીનના દિલોમાં **ઇમાનો યકીન** મૌજઝન થાવા લાગું.
- ✷ જૂઠા ફિરકાઓની ઈબાદતગાહોમાં અંધારૂં છવાઇ ગયું. એક તરહની **દહેશત-વહેશત** ફેલાઇ ગઇ. પાદરીઓના દિલો બેકરાર થઇ ગયા.
- ✷ મુઝબાન નામના **કાફિર બાદશાહે** તે રાતે સપનામાં જોયું કે, એના ઊંટો અને ઘોડાઓ ઊંધા પગે દોડી રહ્યા છે અને એના સિપાહીઓ ઝમીન પર પટકાઇ રહ્યા છે.
- ✷ દજલા નદીના **પાનીમાં તહો-બાલાઇ** મચી ગઇ અને પાની એ તરહ ઉબલવા લાગું કે, તે આસપાસના શહેરોંમાં ઘુસી ગયું અને કાફિરોની આબાદીને તહેસ-નહેસ કરી નાંખી.
- ✷ ફારિસના **આગપરસ્તોના ઇબાદતખાનામાં** જે આગ જલતી હતી, તે બુઝાઇ ગઇ. આ આગ હઝારો સાલથી ભડકતી હતી.
- ✷ વાદીએ સનાવાહમાં **સાવહ નામનું તાલાબ** એવું છલકાયું કે, તે પહેલા લોગોએ એવો મંઝર જોયો ન્હોતો. અલ્લાહતઆલાની વહેદાનીયત ને ઠુકરાવનારા લોગો આ શદીદ અઝાબમાં ગરક થઇ ગયા.
- ✷ લયલતે વિલાદત, **હિજાઝના ઓફોક** માંથી એક નૂર એવું બલંદ થયું કે, તેની રોશની પૂરા મશ્રિકમાં ફેલાઇ ગઇ.
- ✷ બાદશાહો માંથી કોઇ જ એવો તખ્ત બાકી નથી કે, જે આપના પધારવાથી **ઊંધુ પલટી** ના ગયું હોય અને બાદશાહો યૌમે વિલાદતે નબી **ગૂંગા** ના થઇ ગયા હોય.
- ✷ આપના આવવાના રોઅબથી તમામ કાહિનો-મુસ્તકબિલની ચીઝો લોગોમાં કહેનારાઓનું ઈલ્મ ઝાયેઅ થઇ ગયું. તમામ **લાચાર અને મજબૂર** થઇ ગયા.
- ✷ તમામ **જાદૂગરોનું જાદૂ** ખત્મ થઇ ગયું. હર મકરબાઝીમાં તેઓ નાકામ થઇ ગયા.
- ✷ **કબીલએ કુરૈશ**માં આપ પૈદા થયા, આના સબબ અહલે અરબમાં તેની ઈઝઝતો અઝમત વધી ગઈ.
- ✷ આપના સબબ ઝમીનો આસ્માનમાં **અજીબ હલચલ** થઈ, મૌસમમાં તબ્દીલી પૈદા થઈ, પરિન્દ-ચરિન્દમાં એક તરાવત જોવા મિલી અને કુલ ખિલ્કતમાં આપ તરફ એક કશિશનો માહૌલ ઊભો થયો. ✩

---

**મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નો દુશ્મન કોઇ વક્ત મુમિનનો સાચો દોસ્ત ના બની શકે.**

---

**ગલત કામ કરનાર દોસ્તને સુધારવાની મુમિનની ઝિમ્મેદારી હોય છે.**

# કેયામત આવવાની છે !!!

તે વક્ત કે, વરસાદ-બારિશનો મૌસમ, ગરમીના મૌસમ જેમ થઇ જાશે યા ગરમીના મૌસમમાં ખૂબ બારિશ થાશે. આજના **ગ્લોબલ વોર્મિંગ**ના વક્તમાં આ ચીઝ હમેં આમ તૌર પર હર જગા જોઇ રહ્યા છે. મૌસમનો હવે કોઇ સિબાત કે હદ રહી નથી. ગરમી અને બારિશની મિકદારમાં અઝહદ ફેરફાર જોવા મિલી રહ્યો છે. આના સબબ કુદરતી તબાહી-તારાજીની વારેદાતો અને હાદસાઓ વધી રહ્યા છે. હમારા કબ્ઝાથી આ તમામ ચીઝો બાહર જઇ રહી છે. **તૂફાન, સૈલાબ, ઝલઝલા વગૈરહ તેનો મિઝાજ બદલી રહ્યા છે.** તો તમામ કુદરતી આફતો હમને કેયામત તરફ લઇ જઇ રહી છે.

✷ તે વક્ત કે, હમારા ઔલાદ-બચ્ચાં હમારા વાસ્તે રંજો ગમનો સબબ બની જાશે. ઔલાદની બદ-આદતોના ભંવરમાં વાલેદૈન માઁ-બાપ ફસાઇ જાશે. ફિકરની ઊંડી ખાઇમાં ભટકાઇ જાશે. ઔલાદ પોતાના માઁ-બાપનું સુખ-ચૈન છિનવી લેશે. **વાલૈદૈનની કુરબાની અને એહસાનને ફરામોશ કરી દેશે.** ચાલતી રોઝીને છોડીને બીજી જગા પર ચાલા જાશે. હમારા દરમિયાન આ બની રહ્યું છે. ફિકર શું કામ છે કે,

- એકનો એક દીકરો હોય અને એ જોબ યા તાઅલીમ વાસ્તે વતન છોડીને જાવાનો ઈરાદો કરતો હોય તો,
- કારખાનું યા દુકાન પુરજોશમાં ચાલતા હોય, બિઝનેસ વેલસેટ હોય અને તેને આગલ વધારવા વાસ્તે ઘરના મેમ્બરની ઝરૂરત હોય, પણ દીકરો કોઇ બીજી ફિલ્ડમાં જાવાની ઝિદ કરતો હોય તો,
- દૌલતના દરવાઝા ખુલ્લા હોય, રોઝી કુશાદા હોય, તમામ અસ્બાબ ખુશગવાર હોય, મગર દીકરો કોઇ ખરાબ સોહબત-કંપની-દોસ્તીમાં ફસાયો હોય, વ્યસન-લત-એડીકશનની ગિરફ્તમાં હોય અને બીજા કંગાલ છોકરાઓ એનો ગૈરફાયદો ઉઠાવતા હોય તો.

✷ તે વક્ત કે, કમીના-બદબખ્ત-ફિત્નાખોર-મક્કાર લોગો દિલ ખોલીને સખાવત કરતા થઇ જાશે. લોગો તેઓની દગાબાઝી અને મક્કારી ભુલી જાશે અને પૈસા તરફ લાલચ રાખી તેઓને પાછલ પાછલ દોડશે. તેઓની ચંપી-ખુશામદ કરશે. તેઓની જૂઠી તાઅરીફ કરશે. લોગોમાં તેઓની શોહરત વધશે. પૈસા આપવાના બહાને તેઓ કમ્ઝોર ઝહેન અને કાચા અમલના લોગોને ગિરફ્તમાં લેશે અને **મક્કારીનો લિબાસ પહેરાવીને ધોકેબાઝીના શરાબખાનામાં પટકી દેશે.** આવા લોગો આજે ઝમાનામાં વધી રહ્યા છે. મક્કારી ઔજ પર છે. લોગો ને માલી ફાયદો જ્યાં થાતો હોય અને પૈસા જલ્દી મિલતા હોય અને કમ મહેનતમાં દૌલત આવતી હોય, તેમાં રસ છે. પછી પૈસા આપનારો કાલો ચોર પણ હોય એની કોઇને પરવાહ નથી. તરહ-તરહની લોન, જેમકે ગાડી-હાઉસિંગ-મેડીકલ-એજ્યૂકેશન-મેરેજ વગૈરહ વાસ્તે પૈસા લેતા હોય, તો કોઇ ઈમાન કે શરમ દરમિયાનમાં આવતી નથી. જવાનોની ઝહેનીયત એવી છે કે, દૌલત-રૂશ્વતખોરીથી હર કામ થઇ શકે છે.

✷ તે વક્ત કે, ઈઝઝતદાર-દેયાનતદાર-દીનદાર શખ્સ નાદાર, લાચાર, મોહતાજ અને બેબસ થઇ જાશે. ગદ્દાર-મક્કાર-દુનિયાદાર લોગો તેઓ પર હુકમરાની કરશે અને તરહ-તરહ ઝુલ્મ કરશે. **તેઓની સરે આમ ઇઝ્ઝતને ઉછાલવામાં આવશે.** લોગો તેઓની સાદગી જોઇને દૂરી ઈખ્તિયાર કરશે. નસીહતભરા તેઓના કલામને કોઇ સાંભલનાર નહીં હોય. તેઓ ચુપચાપ દૌલતમંદોનો તમાશો, બેદીનોની રસાઇ, ઝિનાખોરો નો જૌરો જફા જોયા કરશે, તેઓ કઇ કરી શકશે નહીં. તેઓના હાથ અને ઝબાન ગોયા કે, અપાહિજ કરી દેવામાં આવશે.

✷ તે વક્ત કે, નાની ઉંમરના બચ્ચાં તેઓ કરતા બુઝુર્ગો પર રોઅબ જમાવવા લાગશે. તેઓ ખુદને હર લેહાઝથી (બકીયહ પેજ નં. ૭૫૨)

**નામના દોસ્ત ઘણા અને કામના દોસ્ત કમ હોય છે.**

# અરબ મુલ્કોમાં જમાઅતે અલવીયહની ઝિક્રે ખુસુસી

## અપની ઝબાન

આ સાલ ૧૪૪૫ હિ. ના સફરૂલ મુઝફ્ફરમાં સનઆ, યમનસી અમરો મઅદ યકરબ હુસૈન અલ-હમદાની અને કરબલા, ઈરાકસી હૈદર અલ-કરબલાઈ, ઈમ બે સાહેબો દાઅવતે અલવીયહ શરીફહના મરકઝ પર હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની મુલાકાત વાસ્તે, ઈલ્મી ઈસ્તેફાદા વાસ્તે પધારા હતા. બેવે સાહેબો તવીલ મુદ્દત તક કમ-અઝ-કમ ૨ હફ્તા તક આપ મૌલાના મહેમાન રહ્યા હતા.

અલ-હમદાની યમની હુકૂમતમાં એક આઅલા ઓહદો રાખે છે અને ઈસ્માઈલી-તૈયેબી ઊલૂમ અને સકાફતમાં ગહેરી દિલચસ્પી રાખે છે. એક સાલ પહેલા આ સાહેબ આ જ તરહની મુલાકાત વાસ્તે આવા હતા અને પોતાની મરકઝે દાઅવતે હદીયહ તેમજ હિન્દુસ્તાનની વિઝીટની એક મુકમ્મલ કિતાબ લખી હતી. આનો પહેલો નુસ્ખો અલ-હમદાનીએ આપ મૌલાને હદીયો કીધો હતો. તે વક્ત અને આ સાલની સફરમાં પન દેવડી મુબારક પર જ ખુસૂસી મહેમાન બના હતા. દેવડીના સાહેબો સાથે જ રહેતા હતા અને જમતા હતા. અપના દોઆતે હક્કના ૨૦૦ સી ઝિયાદહ કિતાબોને આ સાહેબે ટાઈપ કીધેલાચ અને પ્રિન્ટ કીધેલાચ કે, જેની કોપીઓ આપ મૌલા નઝદીક હાઝિર છે. ૧૪૨૫ હિ. સી અપની જમાઅતની આઅલા પૈમાનાની વેબસાઈટ www.alavibohra.org અમલમાં છે અને તેના ઝરીએ ઘના સ્કોલર અને રીસર્ચર અપની જમાઅતની માઅલૂમાત હાસિલ કરી રહ્યાચ અને દાઅવતના મરકઝનો કોન્ટેક્ટ કરી રહ્યાચ.

આ સાહેબનો ઈરાદો છે કે, અપની જમાઅતનો અંગ્રેજીમાં મવાદ તો મૌજૂદ જ છે મગર અરબ મુલ્કોમાં અપની જમાઅતની માઅલૂમાત અને હક્કાનીયત જાનવાની તલબ રાખનાર હિવા લોકો મૌજૂદ છે, જેના વાસ્તે અરબી ઝબાનમાં મેટર હોવી ઝરૂરી બનેચ. તદબીર હિવી છે કે, ચંદ મુન્તખબ-સિલેક્ટેડ ચીઝો જે અપના અકાઈદ અને અખ્બારની હોય તેનો અરબીમાં તરજુમો કરવામાં આવે, જેનો સબબ એ છે કે, શૌક રાખનાર સ્કોલર્સ **અપની જમાઅતની બુનિયાદી માઅલૂમાત** અરબીમાં જાની સકે. ૩૧માં દાઈએ મુત્લક સૈ.હસન બદરૂદ્દીન બિન સૈ.વલી (ક.રૂ.) ના દીવાને હસન પર પન આકા મૌલા સાથે મિલીને ફિકરી નઝર નાખી રહ્યાચ અને તેને એડીટ કરવાનો ઈરાદો કરી રહ્યાચ.

અલ-કરબલાઈની મુલાકાત આપ મૌલા સાથે ગયા સાલ હિ.૧૪૪૪, શવ્વાલ મહીનામાં જે વક્ત આપ સફરે કરબલા પર પધારા તે વક્ત થઈ હતી. તેઓ કરબલા યુનિવર્સિટીમાં પ્રોફેસર છે અને અપના દોઆતે હક્કની કિતાબો પર મોટું કામ અંજામ આપેલુંચ. આકા મૌલાએ ૧૯ માં દાઈએ મુત્લક સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહેબ (આ.કુ.) ની કિતાબ "નુઝહતુલ અફકાર વ રૌઝતુલ અખ્બાર" વાસ્તે એમની ઈઆનત-નુસ્રત કીધેલીચ. તેની પહેલી કોપી અલ-કરબલાઈએ દારૂસ્સલામ પર આપ મૌલાનાં હાથમાં હદીયાના રૂએ આપી હતી. એમના સાથીઓ હજી ઘની ફાતેમી-યમની કિતાબો પર કામ કરી રહ્યાચ કે, જેની અસલ કોપીઓ દાઅવતે શરીફહના મકતબમાં ૪૦૦ સાલસી મહેફૂઝ છે.

૪ સફર, રવિવારે, જે વક્ત આ બેવે મહેમાનો હુઝૂરેઆલી આપ મૌલા ની હાઝિરીમાં મુમેનીનને દરમિયાન મજલિસમાં બેસા અને પોતાની શનાખ્ત આપી તો એમનું એ જ કહેવું હતું કે, " આપ જેવા આલિમ-ફાઝિલ દાઈ હમેં નથી જોયા. હમેં ઘના ફિરકાઓના રઈસો સાથે બેસેલા છે, ઈલ્મી બહેસ કીધેલી છે, **મગર આપ જે તર્ઝ પર દીને હક્કને સમઝેલા છે અને તેના અસલી અકીદાઓ પર આપનો દારો મદાર છે, તે કાબિલે ઝિક્ર છે.** આપનું કુતુબખાનું મુમ્તાઝ અને બેમિસાલ છે જેના પાછલ આપની ૪૦ સાલની મહેનત જોડાયેલીચ. આપ હર ચીઝને તાવીલી રોશનીમાં પૈશ કરોચ કે કોઈ બીજું નથી કરી શકતું. આપની જમાઅતના લોકો ઘના નસીબવંતા છે કે, તેઓના દરમિયાન આપ જેવા દાઈ, રહેબર અને સરપરસ્ત મૌજૂદ છે."

(બકીયહ પેજ નં. ૬ પર)

**દોસ્તીની બુનિયાદ ભરોસો, સચ્ચાઈ અને વચનને નિભાવવું હોય છે.**

(પેજ નં. ૫ નું બાકી)

આપ મૌલા સાથે જે વક્ત અલ-કરબલાઈએ ઈલ્મી તઅલ્લુકાત કાઈમ કીધા, તો એં કહ્યું કે, "મારો મકસદ એવો છે કે, હું આપની જમાઅત વાસ્તે એક મુકમ્મલ કિતાબ તરતીબ કરૂં. તેમાં અલવી મુમિનની ઝાહિરી-બાતિની ઝિંદગીના હર પેહલૂને આશ્કાર કરૂં. જમાઅતની તમામ વકફની જગાઓ અને બીજી આમ મિલ્કતોની તફસીલાત લિખું. વેપાર-રોઝગાર, નિકાહ-તલાક, વિલાદત-વફાત, મજલિસ-મઝાર, તાઅલીમ-તરબીયત, સકાફત-સિયાસત, ઈબાદત-રૂસૂમાત વગૈરહના નુકતાઓને તેમાં શામિલ કરૂં. આ કિતાબને લિસાને અરબીમાં લિખીને અરબી જાનનાર લોકોમાં **આપની જમાઅતની સાચી માઅલૂમાતને નઝર કરવાનો મારો ઇરાદો છે.**" આ સાથે હું ઈમ પન ચાહું છું કે, અલવી જમાઅતના તાલિબે ઈલ્મો કરબલા યુનિવર્સીટીમાં ઈલ્મ પઢવા આવે અને વેપારીઓ પોતાના વેપારને કરબલા-નજફમાં કુશાદા કરે.

અલ-હમ્દાની જે યમનસી પધારા હતા, એ સાહેબ પોતાની દાઅવતે શરીફહ સાથેની ઈલ્મી ઝિમ્મેદારીઓ અને ફાતિમી કિતાબોના મુઆમેલાત સિવાય, એમ ચાહતા હતા કે જમાઅતે અલવીયહનો તિજારત ના દાએરહમાં પન યમનમાં સિતારો ઔજ પર પહોંચે. ઈન્શાઅલ્લાહો તઆલા ઝિયારત અને તિજારત વાસ્તે અન-કરીબ હવે યમન ખુલવાનુંચ. જમાઅત ના ૪૦ જિતલા નિકલતા વેપારીઓ, મેન્યૂફેક્ચરર્સ, એક્ષપોર્ટર, બિઝનેસમેન સાથે સાહેબે દાઅવતની હાઝિરીમાં અલ-હમ્દાની સાથે **સરદાર એસ્ટેટમાં એક ખુસૂસી મિટીંગ રાખી હતી.** જેમાં યમની લોકોમાં કઈ-કઈ ચીઝોની ઝરૂરત છે, વેપાર વધારવા ક્યા-ક્યા રસ્તાઓ છે, ગવર્નમેન્ટના કાનૂનને માતહત બિઝનેસ કઈ તરહ આગલ વધારી સકાય, આ તમામ ચીઝો પર ઘની ઉમ્દા બહેસ અને ગુફતગૂ થઈ. ઈન્શાઅલ્લાહ મુમેનીન વાસ્તે યમનમાં વેપાર અને તરક્કીના નવા દરવાઝા ખુલસે.

આ બે સાહેબોના ઈલ્મી-અદબી દાએરહ એટલા વસીઅ-મોટા છે કે, જમાઅતના મુમેનીનની બહેતરી અને ખૈરખ્વાહીના હર કદમ અને પૈશકશની માઅલૂમાત-અખ્બાર એમના બિરાદરાન તરફ શિતાબથી પહોંચી જાઈચ અને જહાઁ તક આકા મૌલાના ઝૈરે શફકત મહેમાન રહેચ, તાઁ તક, એમના મિલનસારોની નઝર હર હરકત-સકનત, અવરજવર પર રહેચ. દાઈએ હક્કની કોશિશો તદબીરસી જો તમામ ચીઝ સાઝવાર રહી તો આવતા અય્યામમાં જમાઅતના મુમેનીન વાસ્તે દુનિયામાં કઈ ઔર જ **બલંદીના પરચમ લહેરાસે** અને અપને અલવી હક્ક પર છે, તેની ગુંજ આલમના ગોશે-ગોશે સંભલાસે. ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

- ✷ નિય્યતે સાદેકહથી અમલ કરનાર અને નિય્યત બગૈર અમલ કરનાર.
- ✷ પોતાના માલમાં બીજાનો હક્ક સમઝનાર અને બીજાના માલ માંથી ચોરી કરીને તેને પોતાનો કહેનાર.
- ✷ નાકામિયાબીથી હારી જાનાર અને નાકામિયાબીને જ જીતની રાહ બનાવનાર.
- ✷ ખુશી-ખુશી ગમ ઉઠાવનાર અને હર વક્ત ખુશી ચાહનાર.
- ✷ દોસ્તના દોસ્તને દોસ્ત માનનાર અને દોસ્તના દુશ્મનને દોસ્ત માનનાર.
- ✷ બુઝુર્ગો સાથે નીચે બેસનાર અને બુઝુર્ગો સાથે સરખા બેસનાર.
- ✷ શરીઅતને જ ઝિંદગી બનાવનાર અને શરીઅતને જુનવાની કહેનાર.
- ✷ હર વક્ત મસ્ખરી કરનાર અને હિકમતની વાત પર ફિકર કરનાર.
- ✷ હર ચીઝમાં ખૈરને ઢુંઢનાર અને હર ચીઝ પર શરનો લિબાસ પહેરનાર. ✯

---

**ઝિંદગીના હર મહાઝ પર, હર મૌકા પર, હર મૌડ પર, જે સાથેને સાથે રહે, એ અસલી દોસ્ત છે.**

---

**દોસ્તીની શરમ એ છે કે, દીન અને દુનિયાની હદ્દ નક્કી કરવામાં આવે.**

## લફ્ઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**

૧) કોઈ શખ્સ પહેલી વાર ------ કરે, તો એને મુઆફ કરી દેવામાં આવે, મગર વારંવાર કરે, તો તે ગુનાહની મુઆફી મિલી શકે નહીં. (૨)

૨) દિલમાં જે ઈમાન રાખશે, એને ------ મિલશે અને જે કુફ્ર પર હશે, એના આઅમાલમાં દરાર પૈદા થઈ જાશે. (૩)

૩) "બિસ્મિલ્લાહ" માં અલ્લાહતઆલાના રહેમાન નામ સાથે બીજું કયું નામ છે જે "રહેમત" સાથે વાબિસ્તા છે. (૩)

૭) ઈન્સાન એની ઝબાનને નીચે છુપાયેલો છે. ઝબાનનો બીજો લફ્ઝ શું છે ? (૨)




**✵ આડી તરકીબ :**


૨) મૈદાને હશ્રમાં ગુનાહગારો ------ માં ઊભા રહેશે અને પોતાના હિસાબ વાસ્તે ઈન્તેઝાર કરા કરશે. (૩)

૪) જે શખ્સ નેક હશે, એ ------ અને સાદા હશે અને જે શખ્સ બદ હશે, એ ખોટા અને દેખાવ કરનાર હશે. (૨)

૫) તિજારત અને રોઝી વાસ્તે કોશિશ અને ------ કરવો હર મુમિન પર વાજિબ છે. (૨)

૬) રહેમ કરનાર રહીમ, અલ્લાહતઆલાનો દોસ્ત હોય છે અને રજમ થાનાર (પત્થરનો માર ખાનાર) હોય છે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

(પેજ નં. ૪ નું બાકી)

ઝિયાદહ તાકતવર સમઝશે. બુઝુર્ગોની રાય લેવામાં યા સાથે બેસવામાં ઐબ અને ઝિલ્લત સમજશે. તાઅલીમ-યાફતા બનીને, કોઇ ચીઝ નવી શીખીને, હિન્દુસ્તાનથી બાહર જઇને, પોતાના ઘરના વડીલો-બુઝુર્ગોની તરબીયત-શીખામણને ભુલીને, તેઓને એક જાનિબ બેસાડી દેશે. ઈલેક્ટ્રોનિક અને મોર્ડન આલાત-ઉપકરણોને વાપરવાની હુશિયારી આવી જાવાના સબબ નાતજરૂબેકાર જવાનો પોતાની ઝિંદગીમાં **કોઇ બીજાની દખલગીરી બરદાશ્ત નહીં કરી શકે.** આમાં ઝિયાદહથી ઝિયાદહ બુઝુર્ગોથી દૂરી સરે ફહેરિસ્ત છે. કમ વક્તમાં ઝિયાદહ કમાવવાની લ્હાઈમાં તેઓ મ્હોટપણાના રિશ્તાઓને નઝરઅંદાઝ કરી બેસશે. ✯

**દોસ્તીની મુસીબત અને દુશ્મની, કરઝદારી અને દેવું છે.**

## બરકતી માલા – કિસ્ત - ૨

મૌ.ફાતેમતુઝ ઝહરા (અ.સ.) એ શૈખ પર કરમ કરીને એક માલા-હાર અતા કીધો. શૈખ તે માલાને લઈને રસૂલુલ્લાહ બવાજીના ઘર પર પધારીને અરઝ કરવા લાગા કે, “આપના દુખ્તરે નૈક તીનત ફાતેમાએ આ માલા આપીને મારી હાજિતરવાઈ કીધેલી છે અને કહ્યું છે કે, આ માલાને વહેંચીને હું મારી હાજિતને પૂરી કરૂં.”

આ સાંભલીને રસૂલુલ્લાહ બાવાજીની આઁખોં માંથી આઁસૂ જારી થયા. ફાતેમાની માલા એક શૈખ સાઈલના હાથમાં જોઈને આપનું દિલ ભરાઈ આવું. આ જોઈને મૌ.અમ્માર બિન યાસિર અરઝ કરવા લાગા કે, “યા નબીયલ્લાહ ! આપનો હુકમ થાય તો હું આ માલા ખરીદ કરી લઉં ?” આપે ફરમાવું કે, “ઝરૂર, અય અમ્માર ! અલ્લાહતઆલાનો ફઝલ અને આ માલાની બરકત તમારા હિસ્સામાં આવે. આ માલાનો શરફ મારા ખુદાને નઝદીક એટલો ભારી છે કે, અગર આસમાન અને ઝમીનના તમામ લોગો સાથે મિલીને આ માલાને ખરીદ કરી લે અને પોત-પોતાનો હિસ્સો તેમાંથી હાસિલ કરી લે, તો અલ્લાહતઆલા આ ફાતેમી માલાની બરકતના સબબ એ સઘલાને જહન્નમના અઝાબથી છોડી દેશે.”

તે બાદ મૌ.અમ્મારે શૈખને કહ્યું કે, આ ફાતેમી માલા તમને કેટલામાં વહેંચવાની છે ? શૈખે કહ્યું કે, “ **હું ઘણો જ મુફલિસ છું, ફકીર છું.** તમેં જો મને પેટ ભરીને રોટલી અને ગોશ્ત જમાડતા હોવ, મારા વાસ્તે એક મોટી ચાદર-પીછોડી ખરીદી આપતા હોવ કે જેથી મૈં મારા જિસ્મને ઢાંકી શકું, એક કપડું મને આપતા હોવ કે જેના ઉપર મેં મારા રબની ઈબાદત કરી શકું, બહેતરીથી નમાઝ પઢી શકું, આ સાથે મેં મારા ઘર પર જાવ ત્યાં તકના રસ્તાનો ઝાદ અને મુસાફરીના ખર્ચનો ઈન્તેઝામ તમેં મને કરી આપતા હોવ, **તો જ આ માલા તમને વહેંચવાનો મારો ઇરાદો છે.** આ માલાના એવઝ તમેં મારી હાજિતો પૂરી કરવાને કબૂલ કરો.”

મૌ.અમ્મારે જવાબમાં કહ્યું કે, “અય શૈખ ! મારા નબીની હયા, ફરમાન અને અઝમતના સબબ હું તમને નારાઝ નહીં કરૂં. હું તમને આ ફાતેમી માલાના એવઝ ૨૦ દીનાર, ૨૦૦ દિરહમ, એક મોટી પીછોડી સાથે કપડું અને મુસાફરી વાસ્તે એક ઉમ્દા ઊંટ આપું છું. હું તમારા વાસ્તે ભરપેટ જમનનો પણ ઈન્તેઝામ કરી આપું છું.”

શૈખે કહ્યું કે, “સુબ્હાનલ્લાહ ! નબીયુલ્લાહના સબબ ખુદા તમને ઘણી ઘણી જઝા આપે. અય અમ્માર ! મારા નઝદીક હવે કોઈ સવાલ નથી કે, જે બાકી રહ્યો હોય. ફાતેમી માલા વાસ્તે મૈં તમારાથી થોડી કીમત માંગી હતી, પણ તમેં તો મને ગની-દૌલતવાલો બનાવી દીધો. **તમારી સખાવતથી મૈં બેહદ ખુશ થયો છું.** ખુદા તમને હર ખુશી અતા કરે.”

તે બાદ મૌ.અમ્માર એ શૈખને પોતાના ઘરે લઈ ગયા. ખાતિર-તવાઝોઅ કીધી. ખૂબ ખિદમત કીધી. રોટલી-ગોશ્તના સિવાય તરહ-તરહની ચીઝો જમનમાં મુકી. પેટ ભરીને જમન જમાડું. મૌ.અમ્મારની આ તરહની મહેમાનદારી અને ખિદમતથી શૈખ ખુશ-ખુશ થઈ ગયા. એ શૈખ રસૂલુલ્લાહ બાવાજીની હઝરતે મોહંમદીયહમાં તશરીફ લઈ ગયા. નબી સાહેબે દરયાફ્ત કીધું કે, “ **શું તમેં મૌ.અમ્મારથી ખુશ થયા ?** ” શૈખ આપના કદમમાં પડી ગયા અને કહ્યું કે, મૈં ઘણો જ ખુશ કિસ્મત છું કે, ફાતેમાની બરકતી માલાથી મને ફૈઝ મિલો અને મારી ઉમ્મીદ કરતા ઝિયાદહ મૌ.અમ્મારે મને અતા કરી દીધું !”

નબી સાહેબે ફરમાવું કે, “અય શૈખ ! તમેં મારા દુખ્તર ફાતેમા ઝહરા વાસ્તે દોઆ કરો અને જે અતા-બખ્શિશ તમને મારા દુખ્તર તરફથી મિલેલી છે, તેની ઝિક્રને કોઈ વક્ત તમારા દિલથી દૂર નહીં કરો.” આ સાંભલીને શૈખ પુકારા કે, “અય પરવરદિગારે આલમ ! તારા સિવાય બીજો કોઈ રબ નથી કે, જેની હમેં ઈબાદત કરી શકીએ. તું હર તરહથી

(બકીયહ પેજ નં. ૧૦૫૨)

**દોસ્તો તીન તરહના હોય છે. (૧) ખુદનો દોસ્ત**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૧૦

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.ક઼ુ.)**

દીન એક કિશ્તી મુજબ છે અને બેદીની ગુમ્રાહીના દરિયા મુજબ છે. પૂરો દરિયો ખારા પાનીથી ભરેલા દેખાય છે કે, જેમાં એક કિશ્તીનું હોવું તેમાં એક ઝર્રા મુજબ માઅલૂમ પડે છે. મગર આ ઝર્રા જેવી દેખાતી કિશ્તીની એહમીયત તે લોગોને ખબર છે જેઓ દરિયાના તૂફાનથી, તલાતુમથી અને વહેશતથી વાકિફ હોય છે. તેઓને ખબર હોય છે કે, દરિયાઈ મુસાબીતથી એક કિશ્તી જ બચાવી શકે છે, મંઝિલે મકસૂદ તરફ પહોંચાવી શકે છે.

કિશ્તીને ચલાવવા વાસ્તે એક નાખુદાની-કપ્ટાનની ઝરૂરત પડે છે જે તેને દરિયાની મૌજોથી, તૈઝ હવાઓથી અને ગુમ્રાહ થઈ જાવાથી બચાવે છે, સાચવે છે. આ જ મિસિલ પર દીનના ઊમૂર છે. **દીન તન્હા કાઇમ થઇ શકતું નથી.** તે અલ્લાહતઆલા તરફથી છે, લેહાઝા, તેને લોગો દરમિયાન સમઝાવવા વાસ્તે, અરકાન બતાવવા વાસ્તે, સવાબ-અઝાબથી આગાહ કરવા વાસ્તે, અલ્લાહ તરફથી જ એક સાહેબની ઝરૂરત પડે છે. ફિત્નો, ફસાદ, ઝુલ્મ અને કુફ્રથી આ દુનિયાનો દરિયો જે વક્ત ભરાઈ જાય છે, તે વક્ત લોગોમાં ઝૈરો ઝબરી પૈદા થાય છે અને આ અંધારા અને ગુમ્રાહીમાં એક સાહેબે હિદાયત અને સાહેબે નજાતની ઝરૂરત પડે છે. આ સાહેબ, **દરિયાએ ઝલાલતમાં કિશ્તીએ હિદાયતને જારી કરે છે.** આ સાહેબ, અલ્લાહતઆલા તરફથી ઈમામે હક્ક બનીને કાઈમ થાય છે અને ઈમામ હોવાની હૈસીયતથી જ એ કિશ્તીએ દીનના નાખુદા બને છે. આ ઈમામ તે કિશ્તી પર સવાર થાનાર તમામને ગુમ્રાહીના દરિયાથી ઉગારી લે છે અને નજાતના કાંઠે પહોંચાવી દે છે.

કિતાબમાં એમ બયાન છે કે, એક શીઆએ ઈમામે હક્કને કહ્યું કે, "અય મૌલા ! હમારા ઈલાકામાં ગૈર લોગોની હુકૂમત છે અને સુલતાન ના રઝાકારોના માતહત હમારા શીઆ ભાઈઓ અમાલત કરે છે અને સુલતાનના કામકાજને લઈ ઉઠે છે. ઘણી વાર સુલતાનના અમલદારો સાથે મિલીને એવા કામ પણ કરે છે કે, જેમાં તેઓના શીઆ હોવાનો શક ઊભો થાય !" ઈમામે હક્કે સવાલ કીધો કે, અય ભાઈ ! તમેં જે લોગોની ઝિક્ર કરી રહ્યા છો તેઓ પોતાના ભાઈઓ સાથે કેવો સુલૂક કરે છે ?" એ શીઆએ અરઝ કીધી કે, તેઓ માંથી કોઈ બહેતર કોશિશ કરે છે અને કોઈ કુસૂર કરે છે. ઈમામે હક્કે ફરમાવું કે, "ખુદાની રાહમાં જે પોતાના ભાઈને ઈઝ્ઝત બખ્શે અને ખુદાની રાહમાં એ ભાઈના દુશ્મનો સાથે છેડો ફાડી નાંખે અને **એની ખૈરખ્વાહી-ભલાઇ વાસ્તે બનતી કોશિશ કરે**, તો ઝરૂર ખુદા એ મદદ કરનાર ભાઈને તેની રહેમતના સાયામાં હમેશા રાખે છે."

"મદદ કરનાર આ ભાઈની મિસાલ એક પરિંદાની છે કે, જેનું નામ કુદ્દામ છે. ગરમીની મૌસમમાં તે કુદ્દામ હબ્શાની ઝમીનમાં આવે છે અને બેદા મુકે છે. તે બાદ તેમાંથી બચ્ચાં થાય પછી જે વક્ત ઠંડીના અય્યામ આવે તો એક મખ્સૂસ આવાઝ કરીને પોતાના જન્મેલા બચ્ચાંને બોલાવે છે. માઁ નો આવાઝ સાંભલીને સઘલા એક પછી એક માઁ ને નઝદીક એકઠા થઈ જાય છે. આ તરહ મોટા પરિંદાઓ પોતાના બચ્ચાંને ભેગા કરીને તેઓ એક સાથે હબ્શાની ઝમીનને છોડીને ચાલા જાય છે."

"આ જ મિસાલ ઉપર, અય મારા ભાઈ ! કોઈ હમારા શીઆ માંથી કાઈમ થાય અને એ હમારો પાકો મુમિન હોય અને એના હાથમાં અમાલતની તાકત હોય તો વક્ત આવવા પર એ તમામ શીઆઓને તેમની મદદ કરવા હાંક મારે. તે વક્ત એ આમિલ શીઆના ઈર્દગિર્દ હરએક ગલીકૂચા માથી, હરએક જગાઓ પરથી શીઆઓ હાઝિર થઈ જાય. હમારા એ મુમિન પછી તમામ વાસ્તે ભલાઈ કરે, ઉકદાઓને ખોલી આપે અને મુશ્કિલ રાહોંની અડચણોને દૂર કરી આપે."

(બકીયહ પેજ નં. ૧૦૫૨)

## (૨) દોસ્તનો દોસ્ત પણ ખુદનો દોસ્ત છે.

## હદીસે કુદસી

અલ્લાહતઆલા રસૂલુલ્લાહ બાવાજીને ફરમાવે છે કે, "જે શખ્સ મારા હુકમ પર રાઝી ના થાય અને બલા-આફત પર સબર ના કરે અને મારી નેઅમતોનો શુક્ર અદા ના કરે, તો એને જોઇએ કે, મારા સિવાય કોઇ બીજા પરવરદિગારને તલાશ કરી લે અને મારી આસ્માનો ઝમીનથી નિકલી જાય."

હદીસે કુદસી તેને કહેવાય કે, જે અલ્ફાઝ અલ્લાહતઆલાના જ હોય, મગર તે રસૂલુલ્લાહ બાવાજીની ઝબાને મુબારકથી અદા થાય. આ અલ્ફાઝ યા નસીહત યા અખ્બારની કુરઆને કરીમમાં આયત યા સૂરતના તૌર પર કોઇ આમેઝિશ યા મૌજૂદગી ના થઈ હોય.

ઉપર મઝકૂર અલ્ફાઝમાં ત્રણ ચીઝોની સાફ-સાફ ઝિક્ર છે. **કઝાએ ઇલાહી, બલા અને નેઅમત.** આ સાથે બીજી ત્રણ ચીઝો જોડાયેલી છે. **રઝામંદી, સબર અને શુક્ર.** કરબલાએ મુઅલ્લામાં આ ત્રણ ચીઝોના જૌહર અને નિશાની મૌ.ઈમામ હુસૈન (અ.સ.), આપના અહલુલ બૈત અને આપના અસ્હાબમાં જોવા મિલે છે. તમામે તમામને કઝાએ ઈલાહીને ગલાથી લગાવી લીધી અને જામે શહાદત નૌશ ફરમાવું. હર બલા પર સબર કીધો. ફિદાગીરીની નેઅમત હાંસિલ થઈ, જન્નતી મકામ હાસિલ થયો તેના ઉપર શુક્ર કીધો.

આના સિવાય તમામ લોગો જે આ સાહેબોની દુશ્મની પર ઉતરેલા હતા, તેઓ નાશુક્રા, ગુનાહગાર અને ઝાલિમ હતા. અલ્લાહતઆલાની નારાઝગીના સબબ તેઓ ઝમીનો આસ્માનની સલ્તનત અને તેની રહેમતથી ખારિજ થઈ હમેશા વાસ્તે મુઅઝઝબ બના.

---

(પેજ નં. ૯ નું બાકી)

મૌ.અબ્દુલ મુત્તલિબ ફરમાવે છે કે, મુમિન જ્યારે બીજા લોગોના નઝદીક પોતાને કમ્ઝોર જોઈ તો એના પર લાઝિમ છે કે, એ પોતાના ઈમાનને છુપાવે અને ઈમામે હક્કની મહબ્બતને ગૈર આગલ ઝાહિર ના કરે. જે મુજબ એક પરિન્દૂ પોતાના માલામાં બચ્ચાંને હિફ્ઝતથી રાખે છે. તેના પર કમ્ઝોર હોય છે, ખુદ ઉડવાની તાકત રાખતા નથી. લેહાઝા, દુશ્મનોની બદનઝરથી બચવા તે માલા માં જ પોતાની માઁ સાથે છુપીને રહે છે. **વક્ત આવવા પર જ માલાને છોડે છે અને પછી ઉડી જાય છે.** આ જ મિસાલ પર મુમિનને કરવું જોઈએ. જહાઁ તક એના ઈમામ ના કહે વહાઁ તક એને એન ઈમાનને પોશીદા રાખવું જોઇએ. ઈમામ એના માઁ મુજબ છે. માઁની નિગરાની માં એના બચ્ચાંને કોઇ ખૌફો ખતર હોતો નથી, તે જ મુજબ જો મુમિન પોતાના ઈમામે હક્કના હિદાયતના છત્રછાયામાં રહે તો દુશ્મનોના કુફ્રના હમ્લાઓથી બચીને રહી શકે છે અને પોતાના ઈમાનને બચાવી શકે છે. ☆

---

(પેજ નં. ૮ નું બાકી)

હમને રિઝકનો આપનાર છે. અય મારા રબ ! તું ફાતેમા ઝહરાને એવી ચીઝ અતા કર કે જેને **કોઇ બશરે ના જોઇ હોય, ના સાંભલી હોય.**" આ દોઆ પર નબી સાહેબે "**આમીન**" ફરમાવું અને અસ્હાબને મુખાતિબ થઈને કહ્યું કે, "આ શૈખે મારા ફાતેમાના હક્કમાં દોઆ ફરમાવી છે અને હું તમને ખબર કરૂં છું કે, મારા ફાતેમા બીજા તમામ લોગો પર કઇ તરહ ફૌકીયત અને બરતરી રાખે છે."

આપે ફરમાવું કે, "અલ્લાહતઆલાએ દુનિયામાં ફાતેમાને એ તરહ અતા કીધું છે કે, હું ફાતેમાનો બાવાજી છું. મારા મિસિલ કોઇ નથી. મારા અલી મારા ફાતેમાના શૌહર છે. અલી સિવાય મારા ફાતેમા વાસ્તે કોઇ લાઇક ન્હોતું અને ફાતેમા સિવાય અલીના ઝૌજહ તરીકે કોઇ બીજું કાબિલ ન્હોતું. આ બેવેના સબબ અલ્લાહતઆલાએ મને મૌ.હસન અને મૌ.હુસૈન ફરઝંદો બખ્શા કે, જે જન્નતના જવાનોના સરદાર છે. ફાતેમાના સિવાય આ ખુસૂસીયત બીજું કૌન હાસિલ કરી શકે !!" ☆

## (૩) દુશ્મનનો દુશ્મન પણ દોસ્ત કહેવાય છે.

## યૌમુલ જોમોઅહ
## અય્યામોના સરદારની ઝિક્ર
**કિસ્ત : ૧**

જુમ્આ કા દિન અઝીઝો યે રહેમત કા રોઝ હે,
કુલ અંબિયા નિસાર હૈં અઝમત કા રોઝ હે,
અલ્લાહ કી તરફ સે ઈબાદત કા રોઝ હે,
અહમદ નબી કે વાસ્તે હિકમત કા રોઝ હે,
જુમ્આ કા દિન અતા કીયા અહમદ જનાબ કો,
ઉસ સે દોબાલા રુત્બા દીયા બૂતુરાબ કો.
જુમ્આ કા નૂર કૌન હે અહમદ રસૂલ હૈં,
ઉસ રાત કા શરફ ભી નબી પર નુઝૂલ હૈં,
મુખ્તાર રાત-દિન કે જનાબે બતૂલ હૈં,
હૈરત મેં દો જનાબ કે અહલે ઊકૂલ હૈં,
સાલાર કુલ નબી કે મોહંમદ હુઝૂર હૈં,
સાતોં ફલક પે ફાતેમા ઝહરા કા નૂર હૈં.
મૈં હું શફીઅ મુઝ પે ફિદા આબેદીન હૈં,
મેરી યે રોશની સે મુનવ્વર ઝમીન હૈં,
પઢતા હે વો નમાઝ જો અહલુલ યકીન હૈં,
મેરી વો કદ્ર જાને કે જો આશેકીન હૈં,
મૈં કુલ ગુનાહ બખ્શતા હું હર ઈબાદ કા,
મૈં હી વસીલા કાફી હું રૌઝે મઆદ કા.
જુમ્આ વો હે કે અર્શ સે રહેમત બરસતી હે,
ચર્ખે કોહન સે જુમ્આ મેં બરકત ટપકતી હે,
આબિદ કો રબ્બે પાક સે નેઅમત ભી મિલતી હે,
ઉમ્મત નબી કી સજદે મેં જિસ દમ કે ઝુકતી હે,
રઝ્ઝાક બાબે રિઝક કો વો ખોલ દેતા હે,
જુમ્આ સિફારિશ કરકે ખુદા સે દિલાતા હે.
જુમ્આ મેં જમ્અ સારી ફઝીલત હુઈ અયાઁ,
જુમ્આ ને આગે ક્યા કિયા સુન લો યે દાસ્તાઁ,
બાદે હસન-હુસૈન યે જુમ્આ કે મદદખ્વાઁ,
જુમ્આ કે દિન હુસૈન ગએ છોડ કર મકાઁ,
ઐસા બયાઁ કિયા થા શહે મશરેકૈન ને,
મસ્જિદ કો થરથરા દી જનાબે હુસૈન ને.
મસ્જિદ મેં આબેદીન મસ્લ્લે પે ગિર પડે,
દીવારો દર ઔર ખંબે થે જિતને લરઝ ગયે,
મિમ્બર નબી કા હિલ ગયા શેહ ઐસે રોએ થે,
મસ્જિદ સે બોલે તુઝ સે વદાઅ આજ હમ હુએ,
મસ્જિદ, હુસૈન અબ નહીં કિબ્લે મેં આએગા,
જુમ્આ કી અબ નમાઝ નહીં યહાઁ પઢાએગા. ✯

## નાઅતે મુનીર

**મદીને કે વો તાજદાર, અલ્લાહ અલ્લાહ,**
**ખુદા ખુદ હે જિસ પે નિસાર, અલ્લાહ અલ્લાહ.**
**જો ગિરતેં હૈં તૈબા મેં અરશે બરીં સે,**
**ઉજાલોં કે વો આબશાર, અલ્લાહ અલ્લાહ.**
**ઊખૂવત કી દાઅવત, મોહબ્બત કી બાતેં,**
**નબી કા વો નૂરાની દરબાર, અલ્લાહ અલ્લાહ.**
**શરફ જિનકો હાસિલ હે ફલકે જલી પર,**
**મદીને કા ગર્દો ગુબાર, અલ્લાહ અલ્લાહ.**
**ઝમીં ક્યા, ફલક કી ભી ઉનકો ખબર હે,**
**નિગાહે શહે નામદાર, અલ્લાહ અલ્લાહ.**
**જિસે ચાહે આપ બખ્શ દે બાગે જન્નત,**
**મોહંમદ કા યે ઈખ્તિયાર, અલ્લાહ અલ્લાહ.**
**જહાઁ આતે-જાતે હૈં હર દમ ફરિશ્તેં,**
**નબી કા મુકદ્દસ દિયાર, અલ્લાહ અલ્લાહ.**
**હે ફૂલોં સે બહેતર મદીને કે કાંટે,**
**નબી કે ચમન કા નિખાર, અલ્લાહ અલ્લાહ.**
**ફરિશ્તેં ભી જિસ પર નિછાવર હે વલ્લાહ,**
**મદીના હે વો શાહકાર, અલ્લાહ અલ્લાહ. ✯**

**દોસ્તી એ તરહ હોવી જોઈએ કે, દોસ્તના દુશ્મનને દુશ્મન સમઝવો જોઈએ.**

## સલામ

મોહબ્બત કા મઝા શેહ કે અઝાદરોં સે પૂછેંગે,
હુસૈન ઈબ્ને અલી કે ઔર ગમખ્વારોં સે પૂછેંગે.
તુમ્હારે દિલ મેં હસરત ઔર ભી જન્નત કી બાકી હે,
શહીદે કરબલા કે હમ યે ઝૂવારોં સે પૂછેંગે.
મૂકર જાયેંગે આઅદા હશ્ર મેં પૈશે ખુદા જિસ દમ,
તબર સે તીર સે નૈઝોં સે તલવારોં સે પૂછેંગે.
બુલાયા મહેમાઁ ઔર તુમને ઉનકો કત્લ કર ડાલા,
વો કૂફી, રૂમી, શામી સારે ગદ્દારોં સે પૂછેંગે.
વો આબિદ કો ચલાના ધૂપ મેં કાંટોં પે આઅદા કા,
મુસીબત ચાઁદ સે પૂછેંગે ઔર તારોં સે પૂછેંગે.
હુવા ક્યા ક્યા સિતમ વો શામ મેં શિમ્રે સિતમગર સે,
હબીબે કિબરીયા ઝિંદાઁ કી દીવારોં સે પૂછેંગે.
ગલે કાટે ગરીબોં કે ખુદા સબ કુછ યે પૂછેગા,
બને કારૂન જૈસે ક્યૂં યે ઝરદારોં સે પૂછેંગે.
મુઝે લે જાયેંગે જન્નત મેં રિઝવાઁ જિસ ઘડી ઝાકિર,
મકાઁ મેરા કહાઁ હે શેહ કે અન્સારોં સે પૂછેંગે. ✮

## તિજારત


**HAATEMI COLLECTION**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

Shop no. 9 Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**
**Ph.: 9408786281 / 7990540997** ✮


## બિસ્મિલ્લાહ

ઇલ્મ કી ઇબ્તેદા હે બિસ્મિલ્લાહ,
ફઝલ કી ઇન્તેહા હે બિસ્મિલ્લાહ.
બરકતોં કી દોઆ હે બિસ્મિલ્લાહ,
રેહમતોં કી હવા હે બિસ્મિલ્લાહ.
કૈસી પ્યારી સદા હે બિસ્મિલ્લાહ,
કિસ કદર દિલરૂબા હે બિસ્મિલ્લાહ.
હય અલી જીસકી "બા" કા એક નુકતા,
વો કલામે ખુદા હે બિસ્મિલ્લાહ.
હોતી હે ઉસકી સબ બલાએં રદ્દ,
વિર્દ જીસકા સદા હે બિસ્મિલ્લાહ.
તાબ દરિયાએ ઇલ્મે દિલ હે સદફ,
ગૌહરે બે બહા હે બિસ્મિલ્લાહ.
ઇસ્મે આઅઝમ કા હે અસર જીસમે,
બ ખુદા વો દોઆ હે બિસ્મિલ્લાહ.
હે અલી બાબે શહરે ઇલ્મે નબી,
બાબે ઇસ્મે ખુદા હે બિસ્મિલ્લાહ.
ઇસકા પઢના ઇબાદતે હક્ક હે,
ઝિક્રે રબ્બુલ ઉલા હે બિસ્મિલ્લાહ.
હક્ક ને ઉમ્મુલ કિતાબ મે લોગો,
લીખ દીયા જાબજા હે બિસ્મિલ્લાહ.
પલ મેં સારી મુરાદે પુરી હો,
વો ગુલે મુદ્દોઆ હે બિસ્મિલ્લાહ.
દિલ મેં યાદે ખુદા હે ઔર જીનકે,
લબ પે સુબ્હો મસા હે બિસ્મિલ્લાહ. ✮

**મૌલાના અલી (અ.સ.) કલામે નબવીને આ મુજબ ફરમાવે છે કે, હું તમને તે નમાઝની વસીયત કરૂં છું, જે તમારા દીનનો થાંભલો છે અને ઇસ્લામનો પાયો છે. તમે તેનાથી કોઇ પણ વક્ત ગાફિલ ન રહેજો.** ✮

**અગર કોઈ દુશ્મન હોય તો એના દોસ્ત સાથે કોઈ વક્ત દોસ્તી ના કરવી જોઈએ.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૯
## અલવી અકીદાઓ - અકીદો - ૪૫

**અકીદો ૪૫ : બયઅત-અહદો મીસાક આપવું ફરજ અને વાજિબ છે.**

હમારો આ અકીદો છે કે, આ જહાનમાં કોઈ શખ્સ આલે મોહંમદની દાઅવતમાં દાખિલ થાવાનો ઈરાદો કરે તો એ ઈમામે વક્તના અહદ-મીસાકને બગૈર મુમિન થાતો નથી. કેમકે, હરએક નબી યા રસૂલ આપના ઝમાનામાં ઈમામે વક્તના દરજા-મરતબા પર મોકલવામાં આવા છે અને તેઓ અલ્લાહના દરમિયાન અને તેની ખિલ્કતના દરમિયાન એલચી-સફીર-નુમાઈંદા છે. તમામથી પહેલા અલ્લાહતઆલાએ તેઓનો મીસાક લીધો અને તેના ઈલ્મના મુહાફિઝ-રખેવાલ અને હિકમતના ખઝાનેદાર તેઓને બનાવા. આ જૌહરના સબબ તેઓ તેમની ઉમ્મતને તેઓના કદમના આસાર પર અલ્લાહતઆલાના દીન ઉપર ચલાવી શકે અને એક ઉમ્દા મિસાલ-ઉસ્વએ હસનહ કાઈમ કરી શકે.

કુરઆને કરીમમાં ફરમાવું છે કે, “વઈઝ અખઝના મિનન્નબીયીના......... ગલીઝા”, યાઅની, આ આયતમાં તમામ અંબિયા-મુરસલીનના નામો એક-એકને ગીની-ગીની ને ફરમાવું કે, હમેં તમામથી મુઅક્કદ-સખ્ત અને કામિલ મીસાક લીધો છે. અગર દીનમાં અહદો મીસાકની કોઈ અહમીયત ના હોતી તો અલ્લાહતઆલા તફસીલથી અંબિયાના મીસાકની ઝિક્ર ના કરતા ! આના જ વાસ્તે રસૂલુલ્લાહ બાવાજી એ સુલ્હે હુદૈબીયહના દિન આપના સાથીઓથી બયઅત લીધી કે, જે બયઅતે શજરહથી ઓલખાય છે. જેની ઝિક્ર તારીખે ઈસ્લામમાં મૌજૂદ છે. એક દરખ્તના નીચે નબી સાહેબે હમરાહીઓને જમાઅ કીધા અને તેઓના હાથ પકડીને એક પર એક મુકા અને આપનો હાથ તમામના ઉપર મુકો અને **તેઓનો મૌલા અલી (અ.સ.) વાસ્તે વફાદારી-ઇતાઅત પર અહદ લીધો**, વચન લીધું.

આ બયઅત અને તેનો તરીકો, અલ્લાહતઆલા ને એ કદરથી પસંદ આવો કે, કુરઆને કરીમમાં ફરમાવું કે, અલ્લાહતઆલા મુમિનથી રાઝી થયા જે વક્ત એ લોગોએ દરખ્તના નીચે આપને બયઅત આપી અને તેઓના દિલોના હાલાતથી પણ વાકિફ થયા. યહાઁ, બયઅત અને મકામે બયઅતની ઝિક્ર કરીને ખાસ તૌર પર પોતાની ખુશનૂદીનો ઈઝહાર કીધો અને તે બાદ ફરમાવું કે, જે લોગોએ તમને બયઅત આપી તેઓએ અલ્લાહથી બયઅત કીધી અને **અલ્લાહનો હાથ તેઓના હાથ પર છે.** આનાથી મુરાદ એ છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને બયઅત આપનાર એ અલ્લાહને બયઅત આપનાર છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો હાથ, તે અલ્લાહનો હાથ છે. તે બાદ બયઅતને તોડવાની સખ્ત મનાઈ અને રોકથામ કરવામાં આવી છે.

આ બાબત ફરમાવેલું છે કે, યાદ રાખો, અય મુમેનીન ! આ અહદ-મીસાકને અગર તમેં તોડી નાખશો તો તમારૂં જ ખુદનું નુકસાન થાશે. **જો તેને વફા કરશો અને પૂરા ઇમાનથી પૈશ આવશો તો અલ્લાહતઆલા તમને મોટો અજર આપશે.** અલ્લાહતઆલાએ અંબિયા (અ.સ.) ની કદરે જલીલ અને મંઝિલે બલંદના સબબ અહદ પર લાઝિમ રહેવાનું ફરમાન કીધું છે. આ વાતને બાવુજૂદ કે, અલ્લાહતઆલા તો તેઓના ઝમીરની સફાઈ અને દિલોની મખ્ફી વાતોથી વાકિફ હતા, પણ આ અહદો મીસાકની તાકીદ અને સખ્તાઈ, ઈબ્લીસની નાફરમાની બાદ અને કાબીલનું હાબીલને કત્લ કીધા બાદ કરવામાં આવી છે. અલ્લાહના દીનમાં ફિત્નો રોકવા અને મીસાકને તેની દાઅવતનો દરવાઝો બનાવવા અને તેની ખિલ્કતમાં આ સુન્નતને જારી રાખવા એક બહેતર નુસ્ખો મીસાકને બનાવો છે. દીનના ઈહાતાની બંદિશની ઊંચી દીવાર બનાવી છે કે જેનો દરવાઝો તે બાતિન તરફનો હોય છે કે, જે રહેમત છે અને તે દીવાર જે ઝાહિર હોય છે તે ઈલ્મો અમલ હોય છે, જેને મીસાક કહેવાય છે.

તેથી અલ્લાહતઆલાએ કુરઆને કરીમ, ફુરકાને હકીમમાં વાઝેહ-જલી-ખુલ્લમખુલ્લા અને સાફ-સાફ કહી દીધું છે કે, **“ તમેં અહદને પૂરો કરો. કેમકે, તમને તેના મુતઅલ્લિક સવાલ થાશે જ. કોઇને પણ છોડી દેવામાં આવશે નહીં. ”**
(બકીયહ પેજ નં. ૧૪ પર)

**નૈક યા બદ દોસ્તીનો અસર, ઈન્સાનના ઝહેન, કામ, સીરત અને સૂરત પર પડે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

આ સુન્નતે જારીયહ મરદો પર જ વાજિબ નથી, બલ્કે બૈરો પર પણ વાજિબ છે. અલ્લાહતઆલાએ કુરઆનમાં હુક્મ કીધો છે કે, અય નબી ! જે વક્ત મુમેનાત આપના પાસે આવે તો તમેં તેઓની બયઅત લઈ લો અને ચંદ શરતો પૈશ કરો કે, તેઓ ચોરી નહીં કરે. તેઓની ઔલાદને કત્લ નહીં કરે. તેઓની ઝીનત-શરમગાહને ઝાહિર નહીં કરે. જો તેઓ આ કુબૂલ કરે તો તેઓને બયઅતમાં દાખિલ કરો અને તેઓને વાસ્તે મુઆફી માંગો. અલ્લાહતઆલા મગફેરત આપનાર અને રહેમત કરનારો છે.

સાહેબે મકામને બયઅત આપતી વક્ત હાથમાં હાથ આપવું ઝરૂરી છે. જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) એ બયઅતે શજરહમાં અમલ ફરમાવો હતો. ઈદે ગદીરે ખુમ્મના દિન મૌ.અલી (અ.સ.) ની વસાયત અને નિયાબતનું એલાન કરીને હાઝેરીનને હુક્મ કરવામાં આવો કે, મૌ.અલીથી મુસાફેહો કરે યાઅની કે, હાથ મિલાવે. કેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો હાથ તે અલ્લાહતઆલાનો હાથ છે અને મૌ.અલી (અ.સ.) નો હાથ તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો હાથ છે. તેથી તમામ વાસ્તે મુબારકબાદી આપતા આપતા વલાયતનો ઈકરાર અને ઈતાઅતનો એતેરાફ થઈ જાય. તેથી જ સાનીએ તમામથી પહેલે અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) થી મુસાફેહો કીધો અને મુબારકબાદી આપી. પણ તે બાદ, તમામથી પહેલે આ સાનીએ જ મૌ.અલી (અ.સ.) ની ખિલાફવરઝી પણ કીધી. લેહાઝા, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દીનમાં અહલુલ બૈત અને અઈમ્મતે હક્કના મઝહબ પર ચાલવાવાલાઓ વાસ્તે **ઇમાનના દાએરામાં દાખિલ થાવા બયઅત આપવું લાઝિમી અને ઝરૂરી છે.**

આની વજેહ એ છે કે, અલ્લાહતઆલાની તૌહીદના અસરાર-ભેદી ઈશારાઓ, કુરઆનની બાતિની માઅના અને તાવીલ અને શરીઅત-અંબિયાના કિસ્સાઓની હકીકતો જાણવા તે લોગો જ હક્કદાર છે કે, જેઓ ઈલ્મની કદર કરે. હમારાથી ગૈર અને ગુમ્રાહ લોગો આના હક્કદાર અને અહલ નથી. હવે, દાઅવતે હાદીયહના હઝીરહમાં દાખિલ થયા બાદ જેને શૌક હોય છે અને માઅરેફત હાસિલ કરવા ઉમ્મીદવાર બને છે, તો એ અઈમ્મત-દોઆતથી ઈલ્મી ફાયદો લેવા વાસ્તે ઝરૂર રગબત કરે છે. તો આ લોગો પર તમામથી પહેલા તે શર્ત લાઝિમ કરવામાં આવશે કે, એને જે કઈ કુરઆની ઈશારાત અને તાવીલી-બાતિની ઝિક્ર કહેવામાં આવી હોય તે પોતાના તક જ મહેદૂદ રાખે. ગૈર અને નાઅહલ, જાહિલ અને બેવકૂફ લોગોને હરગિઝ ના બતાવે. કેમકે, તેઓના નઝદીક ઊલૂમે રબ્બાનીની કોઈ કદર હોતી નથી. તેઓ માદ્દાપરસ્ત અને દુનિયાપરસ્ત હોય છે અને રૂહાનીયતના ઈશારાઓથી તેઓનો કોઈ સરોકાર યા નાતો હોતો નથી. ખુદાનાખ્વાસ્તા એવા અહમક લોગો ભારી બયાનને સાંભલી લે છે કે, જેઓની અક્લ એવા ઈલ્મને કુબૂલ કરવા તૈયાર હોતી નથી, તો તેઓ તેનો મઝાક બનાવે છે અને બિલઆખિર આ તરહનું ઈલ્મ પઢાવનાર અને પઢનારને અઝાબે અઝીમ મિલે છે.

આજે પણ હમેં દુનિયાદારોમાં તે ચીઝ જોઈએ છે કે, જે વક્ત કોઈ સિયાસી પાર્ટી યા હાઉસિંગ સોસાયટી યા ફાઈનાન્શીયલ ઓર્ગેનાઈઝેશન યા તાઅલીમી ઈદારાઓ યા મેન્યૂફેક્ચરિંગ કરનાર મોટા કારખાનાઓ યા નવી કંપનીઓ યા એવી જગાઓ કે જે ઈન્ટરનેશનલ ડાટાનું આઉટ સોર્સિંગ કરતા હોય, તેના મેમ્બર બને છે યા જોબ કરે છે, તો આ બધાના કાયદાઓ, કાનૂનો, અદબો અને શરતોંને પાબંદી સાથે તાબેઅ થાવાની કસમ લેવાય છે અને એ શખ્સ તેને વફાદાર રહેવાનો અહદ-વાઅદો કરે છે. ચાહે તે ઝબાની હોય યા કાગઝ પર હોય.

જો આ કાનૂનને તોડવામાં આવે તો તે પાર્ટી, સોસાયટી, કંપની યા ઈદારામાંથી એને નિકાલી દેવામાં આવે છે. બસ, આ જ ઊસૂલ હમારા અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન (રિ.અ.) એ પોતાની જમાઅતથી, તૌહીદે ખુદાવંદી અને દીને ઈલાહીના પોશીદા રાખવાના કીમતી જવાહિરો, જાહિલો, નાકદરો અને નૌશનાસોના પાસે ના પહોંચે અને તેઓ હક્કની જમાઅતનો પોતાની જેહાલતથી મઝાક ના ઉડાવે તેનો સખ્ત મીસાક લેવાય છે. હિકમત ના કલામોને નાલાયકો અને અહમક ટોલાઓને બતાવવું એ મુજબ છે, જેમકે યાઅકૂત, મોતી અને ઝમર્રૂદ સૂવરને સામે પૈશ કરવામાં આવે.

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**ઓનલાઈન દોસ્તી પુરખતર હોય છે.**

## ખૈરનો મજમૂઓ

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ ઈન્સાન વાસ્તે ત્રણ ખસલતોમાં ખૈરને જમાઅ કીધેલું છે. જે શખ્સમાં આ ત્રણ ચીઝો જમાઅ થાશે એની ખૂબ-ખૂબ તરક્કી થાશે. અલ્લાહતઆલા એના રૂત્બા બીજા કરતા વધારી દેશે અને એના હર અમલમાં ચોખ્ખાઈ અને વઝન હશે.

આ ત્રણ ખસલતો ઈન્સાનની નઝર, ચુપ રહેવું-ખામોશી ઈખ્તિયાર કરવી અને બોલવું-કલામ કરવા પર મબ્ની છે. અલગ-અલગ પૈમાના અને ઝરૂરીયાત મુજબ હરએક શખ્સ તેને ઈસ્તેમાલ કરે છે.

જો અગર **નઝરની વાત આવે,** તો કોઈની નઝર પર એતેબાર ના થઈ શકે, તેમાં ભુલ પડવાની અને નઝર-ચુક થાવાની પૂરી ગુંજાઈશ રહે છે.

જો અગર **ચુપ-ખામોશ રહેવાની વાત આવે,** તો હર વક્ત ચુપ રહેવું તે કઈ ફિકરમંદ શખ્સની નિશાની નથી. ચુપ રહેનારો શખ્સ ગફલતમાં પડેલો હોય શકે છે.

જો અગર **બોલવાની વાત આવે**, તો હર કલામમાં ઝિક્ર હોતી નથી, ખૈરોખૂબી હોતી નથી યા તેમાં જૂઠ, કિઝબ અને બનાવટ સિવાય કોઈ દમ હોતો નથી.

અય મુમેનીન ! તમેં આ ત્રણે ખસલતોને એ તરહ અપનાવજો કે, તમારી નઝર એવી ચોક્કસ હોય, ગહેરી હોય, અચ્છાઈ લેનારી હોય કે, તમેં હર ચીઝની બહેતરી જોવાને સાથે તેને પહેચાની શકો. એક જ નઝરમાં તમેં હક્ક અને બાતિલ ની શનાખ્ત કરી શકો.

તમારૂં ચુપ રહેવું એવું હોવું જોઈએ કે, તેમાં તમારી ફિકર છુપાયેલી હોય. બોલા બગૈર તમેં તમારૂં ઝહેન બયાન કરી શકો. તમારૂં ચુપ રહેવું કાતિલાના અલ્ફાઝ અદા કરી શકે.

તમારૂં બોલવું ઝિક્ર થી ભરેલું હોય. હરએક લફ્ઝ પાછલ હઝાર અલ્ફાઝ છુપાયેલા હોય. તમારા કલામ તેના સાંભલનારને લાકલામ કરી શકે. આમ કરશો તો તમને તૂબા મિલશે, ગુનાહ મંજાશે અને શરથી તમેં અમનો અમાનમાં રહેશો. ✩

(પેજ નં. ૧૪ નું બાકી)

ઈન્સાની ફિત્રતમાં આ વાત છે કે, જે વક્ત કોઈ ચીઝની રાઝદારીની તલ્કીન-કુબૂલીયત યા તાકીદ કરવામાં આવે છે, તો તેની એહમીયત અને તે તરફ રગબત ઝિયાદહ વધી જાય છે. કોઈ પણ શખ્સ જમાઅતમાં શરીક થઈને તેના રાઝ ને ફાશ કરવાથી અને ભેદને ચીરફાડ કરવાથી દૂર રહે છે, એ ખૌફથી કે એને જમાઅતથી ખારિજ ના કરવામાં આવે અને એના પર કઈ કહેર અને સખ્તી ના થાય. આજે પણ હિન્દુસ્તાન ભરમાં ઈસ્લામી અને ગૈર-ઈસ્લામી એટલા ફિરકાઓ છે, જેનું મિશન ખુલ્લું અને આઝાદ છે પણ ઘણું જ મુશય્યદ અને પુખ્તા છે. આ જમાઅતોનો મેમ્બર કોઈ હાલતમાં પણ એની કૌમ-જમાઅતના રાઝને ઝાહિર કરવા પર આમાદહ થાતો નથી. આ જ તરહ મુમેનીન પર પણ ઈમાની તકાઝા મુજબ વાજિબ છે કે, અહલે બૈત (અ.સ.) ના દીનના બાતિનની વાતો, ભેદ-ભરમ અને આઅલા ઊલૂમના સિર્રે ખફી દાઅવતે હાદીયહના રઝાના સાહેબ યા હદ્દે આલી-મુફીદની ઈજાઝત બગૈર કોઈ હાલતમાં પણ કોઈને બતાવે નહીં. ✩

## મિલતા હે

*કિસી કે દર સે કિસી કી દોઆ સે મિલતા હે,*
*યે રાસ્તા ભી મગર રાહનુમા સે મિલતા હે,*
*ખુદા કે દાઈ કી અઝમત કો કોઈ ક્યા સમઝે,*
*જો ઈનસે મિલતા હે વો મુસ્તફા સે મિલતા હે.* ✩

**દોસ્તીની પુખ્તગી રૂબરૂ મિલવામાં રહેલી છે.**

## ૯૯ મી મીલાદે હાતિમી

હાતેમુલ ખયરાત, રબીઉલ બરકાત, જપમાં દાઈએ મુત્લક આકા મૌલા **સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)** ને આપની **૯૯ મી** મીલાદે મયમૂન મુબારક થાય. અલ્લાહતઆલા આપની ઉમ્રે મુનીરને સેહતયાબી સાથે દરાઝ-દરાઝ કરે અને આપનો ઝિલ્લે ઝલીલ મુમેનીનના સરો પર હમેશા-હમેશા બાકી રહે. ✯

## કઈ તરહનું ઈલ્મ

ઈલ્મ એક તરહનું તાઝૂં વહેતું પાની છે. તે એક જગા પર ઠહેરતું નથી. તેને કૈદ રાખી શકાતું નથી. તેનો માલિક બીજાને તેનો ફાયદો પહોંચાવે તો જ તે ઈલ્મ ઝિંદા રહે છે. નહીં, તો તે ઝાયેઅ થઈ જાય છે. પ્યાસ લાગે તો પ્યાસો તેની આતિશ બુઝાવવા પાની તરફ જાય છે. એમ નથી કે, પાની ચાલીને પ્યાસાની તલાશ કરે છે. એ જ મુજબ જાહિલ શખ્સ જે વક્ત પોતાની જેહાલતનો એહસાસ કરે અને તેને દૂર કરવાનો ઈરાદો કરે તો એને આલિમે હક્ક તરફ કદમ ઉપાડવો જોઈએ. એ મુમ્કિન નથી કે, આલિમ ખુદ ચાલીને જાહિલની તલાશમાં નિકલે.

ઈલ્મ તેના હક્ક મુતાબિક તલબ કરવું જોઈએ. યાઅની કે, તેમાં ગરઝ સાફ-પાક હોવી જોઈએ. દીને હક્ક અને તેને લગતા મુઆમેલાત ને અપનાવવા, સમઝવા, પાબંદ રહેવું અને બીજા લાઈલ્મને તેની જાણકારી આપવા વાસ્તે ઈલ્મ-નોલેજ-ઈન્ફોર્મેશન હાસિલ કરવું જોઈએ. દુનિયામાં દીન સિવાયનું ઈલ્મ, ફસાદ છે. હર ઈલ્મ દીન તરફ પલટીને આવે છે. જેટલી ઈલ્મોની શાખો હમેં જોઈએ છે, તે તમામ એક જ દીન ના થડ માંથી નિકલેલા છે. તેના થડથી નિકલેલું હર ઈલ્મ ઝિયાદહ ફલદાર અને પાકીઝા હશે. તેના ફાયદા અને લઝઝત બેમિસાલ હશે. **તેનાથી હર તરહની સેહત અને સવાબ મિલશે.**

હવે, જો એવું ઈલ્મ જે દીન પર ઠહેરેલું નહીં હોય અને તેની રાહ અલ્લાહતઆલાની વહેદાનીયત અને માઅરેફતની મંઝિલ તરફ નહીં જાતી હોય તો તે ઈલ્મ આફત અને ખસારો લઈને આવશે. તે નુકસાનદેહ સાબિત થાશે કેમકે, તેનો આધાર ફક્તને ફક્ત દુનિયાને હાસિલ કરવાનો હતો યા લોગો પર તકબ્બુરી કરવાનો હતો. તે જ ઈલ્મ તેના માલિકને ખિલાફ જાશે અને એની જેહાલત ખુલ્લી પડી જાશે. આ ઈલ્મથી ફાયદો ઝિયાદહ વક્ત તક બાકી નહીં રહે અને **તેનો નતીજો બદહાલી અને રૂસ્વાઈની શિક્લમાં બાહર આવશે.** ✯

**દોસ્તીની પુખ્તગી રૂબરૂ મિલવામાં રહેલી છે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.